રાહુલ કોંગ્રેસ ચૂંટણી પ્રચાર અભિયાનના સુકાની

ચૂંટણીની રણનિતી તથા પ્રચાર-પ્રસારની સમગ્ર કામગીરી રાહુલ ગાંધીના નેતૃત્વમાં કરાશે

નવી દિલ્હી,તા. ૧૬

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠકમાં આગામી ચૂંટણીના પ્રચાર અભિયાનના સુકાની તરીકે રાહુલ ગાંધીની સર્વાનુમતે વરણી કરાઈ હતી. રાહુલ ગાંધી પ્રચાર અભિયાનની નિતી અને અભિગમ અંગે નિર્ણયો કરશે. અગાઉ ભાજપમાં પ્રચાર અભિયાન સમિતિના વડા તરીકે નરેન્દ્ર મોદીની વરણી કરાઈ હતી તેવી જ રીતે કોંગ્રેસમાં પણ રાહુલ ગાંધીની વરણી કરાઈ છે. લોકસભા ચૂંટણીમાં પક્ષની રણનિતી નક્કી કરવામાં રાહુલ ગાંધીનો સિંહફાળો હશે. હજુ આજે મળનારી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની બેઠકમાં પ્રધાનમંત્રી પદ અંગે સસ્પેન્સ ખુલશે કે કેમ તે ટોક ઓફ ધ નેશન બન્યો છે. કોંગ્રેસના કેટલાક વરિષ્ટ આગેવાનો પ્રધાનમંત્રી પદના ઉમેદવારની જાહેરાત થાય એમ ઈચ્છે છે અને તેમાં રાહુલ ગાંધીનું નામ હોય એમ ભારપૂર્વક ઈચ્છે છે. જ્યારે એક વગદાર જૂથ ચુંટણી પહેલા પ્રધાનમંત્રી પદનું નામ જાહેર કરવાની જરૂર નથી એવુ માને છે. અને ચૂંટાયેલા લોકસભાના સભ્યો જ નવા નેતાની વરણી કરવા માટે સક્ષમ હોય છે. આ બધાની વચ્ચે પ્રધાનમંત્રીના ઉમેદવાર તરીકે જાણીતા ટેકનોક્રેટ નંદન નેલકાણી અને જાણીતા વૈજ્ઞાનિક શામ પિત્રોડાના નામો પણ હજુ દિલ્હીના રાજકીય બજારમાં છૂટથી ચર્ચાય છે. જોકે કાલ સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ બનશે એમ સુત્રોનું માનવું છે.

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૬ | ૧૭ જાન્યુઆરી, ૨૦૧૪, શુક્રવાર; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જેમનાં પુત્રો સંસ્કારી અને ગુણવાન હોય છે તેઓ ક્યારેય ગરીબો હોતાં નથી
- સુભાષિત

NEWS બિટ્સ

કેજરીવાલને દોઢ વર્ષથી મળ્યો નથી : સંદીપ દિક્ષિત

આમ પાર્ટીના બળવાખોર ધારાસભ્ય વિનોદકુમાર બિન્નીએ કેજરીવાલ પર કોમી સાંસદ સંદિપ દિક્ષિત સાથેના સંબંધો સંદર્ભે કરેલ આક્ષેપોના પ્રત્યાઘાતમાં સંદિપ દિક્ષિતે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે છેલ્લા દોઢ વર્ષથી હું કેજરીવાલને મળ્યો જ નથી-અમે એક સાથે અભ્યાસ કરતા હતા પરંતુ રાજકીય સંબંધો ઝીરો છે.

શશી થરુર ફરી વિવાદમાં

કયારેક મુક્ત વિચારો અને કયારેક દાંપત્યજીવનના કારણે વિવાદોમાં રહેતા કેન્દ્રીય મંત્રી શશી થરુર ફરીથી સમાચારમાં ચમકયા છે. લાહોરની પત્રકાર મેહરતારાર અને થરુરના સંબંધોના કારણે આ વિવાદ સર્જાતા કેન્દ્રીય મંત્રી થરુર અને તેમના પત્નિ સુનંદા થરુરે સંયુકત રીતે એક નિવેદન જારી કરી જણાવ્યું છે કે તેમના લગ્નજીવનમાં કોઈ અડચણ નથી.

પ્રિયંકા વિશ્વની સૌથી સુંદર મહિલા

ઈન્ટરનેશનલ એજન્સી ફોર સેલિબ્રિટી પબ્લિસીટી દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી પ્રિયંકા ચોપડા દુનિયાની સૌથી સુંદર મહિલા છે. વર્ષ ૨૦૧૩ના અંતમાં કરવામાં આવેલા સર્વેના કારણો હવે જારી કરવામાં આવ્યા છે.

ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક સુબ્રા સુરેશનું ચીનમાં બહુમાન

ભારતીય મૂળના અમેરિકનની પ્રતિષ્ઠિત કાર્નેગી મેલન યુનિ.ના વૈજ્ઞાનિક અને અધ્યક્ષ સુબ્રા સુરેશનો ચાઈનીઝ એકેડમી ઓફ સાયન્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીના એક નિવેદનમાં જણાવ્યા મુજબ ભારતીય મૂળના સુબ્રા સુરેશે રોગના નેનો મિકેનિકલ સેલના માળખાને જોડવા સહિત મટિરિયલ સાયન્સ એન્ડ એન્જિનીયરીંગ વિજ્ઞાનમાં યોગદાન આપવા બદલ આ માન્યતા આપવામાં આવી છે.

જીલ્લામાં શીત લહેરની કહેર

શેરથા બાયપાસ રોડ પર ઠંડીમાં ઠુંઠવાઈ જતાં મહિલાનું મોત : મોતને ભેટેલી હાલતમાં પડેલી આધેડ મહિલા અંગે સરપંચે પોલીસને જાણ કરી : હૃદય થીજી થવાથી મૃત્યુ થયાનું પોસ્ટમોર્ટમમાં બહાર આવ્યું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ઠંડીના આક્રમણની સાથે સતત તાપમાનનો પારો વધઘટ થતો રહ્યો છે. છેલ્લા એક અઠવાડીયામાં છંડીનો પારો સતત અસ્થિર જોવા મળ્યો છે. પરંતુ અનુભવાતી ઠંડી કાતિલ જ રહી છે. શીત લહેરની કહેર વચ્ચે ગાંધીનગર જિલ્લાનાં શેરથા બાયપાસ રોડ પર એક આધેડ વયની મહિલાનું ઠંડીથી ઠુંઠવાઈ જવાથી મૃત્યુ થવા પામ્યું છે. અજાણી મહિલાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવતા ઠંડીથી હૃદય થીજી જવાથી મૃત્યુ થયાનું બહાર આવ્યું છે.

ગાંધીનગરમાં ઠંડીનો પારો ગગડીને ૭ ડિગ્રી સુધી પહોંચી ચુકયો છે.જે વધીને છેલ્લા ત્રણ દિવસમાં ૧૦ ડીગ્રીથી ૧૦.૫ ડીગ્રી સુધી પારો ચઢયો છે. આંકડા પર ઠંડી ભલે ઘટી હોય પરંતુ હકીકતમાં ઠંડીનો અહેસાસ જરાય ઓછો ન થયો હોવાનું અનુભવાઈ રહ્યું છે. ગઈ કાલે ૧૦.૨ ડીગ્રી તાપમાને પણ ગાંધીનગર જિલ્લામાં શેરથા ખાતે એક મહિલાનો ભોગ લઈ લીધો છે. મળતી માહિતી પ્રમાણે આશરે ૪૫ થી ૫૦ વર્ષની આધેડ વયની અજાણી મંદબુધ્ધિની મહિલાનો મૃતદેહ નગ્ન હાલતમાં કલોલ-અડાલજ હાઈવે પર શેરથા બાયપાસના ગરનાળા નીચેથી મળી આવ્યો હતો. સરપંચ ગુલાબજી ઠાકોરે આ અંગે અડાલજ પોલીસને જાણ કરતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમમાં બહાર આવ્યું હતું કે આધેડ વયની મહિલાનું મૃત્યુ ઠંડીથી ઠુંઠવાઈને હૃદય થીજી જતા ચોક અપ થઈ જવાથી થયું હોવાનું રીપોર્ટમાં બહાર આવ્યું છે.

(તસવીર : દિપક જાની)

શિવરંજની બનાવના વિરોધમાં આજે સોના-ચાંદી બજારો બંધ

અમદાવાદ,તા.૧૬

રાજ્ય સરકારના પોલીસ તંત્રની બેદરકારીની વચ્ચે વધી રહેલ ગુનાની ઘટનાઓ અને ખાસ કરીને અમદાવાદના શીવરંજની વિસ્તારમાં દિનદહાડે થયેલી લૂંટ અને હત્યાના બનાવ બાદ, રાજ્યના જવેલર્સનો ગુસ્સો ભભુકી ઉઠ્યો છે. હવે જવેલર્સોના સંગઠનો શુક્રવારે રાજ્યભરમાં સોના-ચાંદીના ધંધા રોજગાર બંધનું એલાન આપ્યું છે. અમદાવાદના માણેકચોકમાં મળેલી આ બેઠક જવેરાતના ધંધા સાથે જોડાયેલા સાત જેટલા વિવિધ સંગઠનોના પદાધિકારીઓની છે. આ બેઠકમાં એવો તો એક નિર્ણય લેવાયો છે. જે રાજ્ય સરકાર અને ખાસ કરીને ગૃહપ્રધાન રજની પટેલ તેમજ અમદાવાદ પોલીસ કમિશનર શીવાનંદ ઝાની ઉંઘ ઉડાવનાર સાબિત થસે. રાજ્યમાં કથળી રહેલી કાયદો અને વ્યવસ્થાના વિરોધમાં આવતીકાલે જવેલર્સ બંધનું એલાન અપાયું છે. તેમજ અમદાવાદના જવેલર્સ એસોસીએશન દ્વારા પોલીસ કમિશ્રન તેમજ ગૃહવિભાગને આવેદનપત્ર આપવામાં આવશે. સામાન્ય રીતે સોના ચાંદીના વેપારીઓ નરેન્દ્ર મોદી અને ભાજપના સમર્થકો હોવાની છાપ ધરાવે છે. ચૂંટણી ટાણે આ જ કારોબારીઓ તન મન અને ધનથી તત્પર રહે છે.

જિલ્લા પંચાયતમાં 'ઘીના ઠામમાં ઘી'

કારોબારી સમિતિના ચેરમેન સામેનો અવિશ્વાસનો પ્રસ્તાવ પરત ખેંચાયો : પ્રસ્તાવ પાછો ખેંચવામાં જિલ્લા કોંગી નેતાઓને મળેલી સફળતા : સમિતિઓની પુનઃ રચનામાં દરેક તાલુકાને લાભ મળે અને અન્યાય નહિ થાય તેની ખાત્રી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન સામે રજુ કરાયેલ અવિશ્વાસનો પ્રસ્તાવ આજે પાછો ખેંચી લેવડાવવામાં જિલ્લા નેતાગીરીને સફળતા મળી છે.

આજે વહેલી સવારે જ જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણાની ઉપસ્થિતિમાં આ અંગે શ્રેણીબધ્ધ બેઠકો કોંગ્રેસના આગેવાનોની યોજાઈ હતી. પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ. સી. જે. ચાવડાએ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરનાર સભ્યોને સીધી વાત કરી અને સમજાવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સમિતિઓની રચનાના કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થવા આવ્યુ છે ત્યારે દરેક તાલુકાને સમાન હક્ક મળવો જોઈએ તેવી અસંતુષ્ટ સભ્યોની લાગણીને

● અનુસંધાન પાન-૭ પર

સતત બદલાતા હવામાનથી બાગાયતી પાકોને નુકસાનના સંકેત

જીલ્લાના ખેડૂતો ચિંતામાં : ભીંડા, કેરી, ચીકુ, બટાટા તેમજ ગલગોટાની ખેતીમાં અસરો જોવા મળવાનો ભય સેવાઈ રહ્યો છે

ગાંધીનગર, તા.૧૬

જિલ્લામાં સતત બદલાતા રહેતા હવામાનની વિપરીત અસરો બાગાયતી પાક અને શાકભાજીના પાકો થવાની દહેશતથી ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે.

જિલ્લામાં છેલ્લા એક માસથી પણ વધુ સમયથી સતત હવામાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ક્યારેક પારો ગગડી જાય છે તો પછી પાછો તેમાં ૫ થી ૭ ડીગ્રીનો સુધાર થયેલો જોવા મળે છે. આ હવામાનના બદલાવને ગ્લોબલ વોર્મિંગની અસરો તરીકે ઓળખાવવામાં આવી રહેલ છે.

હવામાનમાં સતત થઈ રહેલા બદલાવની સીધી અસરો બાગાયતી પાક પર થશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને કેરીના ઉત્પાદનમાં તેની અસરો જોવા મળી શકે છે. હવામાનના બદલાવને કારણે આંબા પર બેસતો મ્હોર ખરી પડવાની સંભાવનાઓ રહેલી છે. આ ઉપરાંત ચીકુના પાકને પણ તેની ઉત્પાદકતા પર અસર થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

માઘ સ્નાન - પોષ સુદ પુનમના પવિત્ર દિવસનું મહત્વ અનેરૂ છે. પુનમ દિવસે મેમનગર ગુરુકુળ સ્વામીનારાયણમાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ સમુહ માઘસ્નાન કર્યુ હતુ.